# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્માંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૦૪ /૨૦૧૮,**

**તા. ૮/૦૧/૨૦૧૮**

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી અનુસંધાને તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ કરવા/ડાયવર્ઝન કરવા હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ સુધી નીચે પ્રમાણેનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

(૧) એ.ઇ.સી. સર્કલ ટ્રાફીક ચોકી આગળથી ચિમનભાઇ બ્રીજનાં સમાંતર કેશવનગર તરફ જતો રસ્તો ચિમનભાઇ બ્રીજનાં મધ્યે નીચેના ભાગ સુધીનો ડાબી બાજુનો ૯ મીટર રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે. તેમજ આ રસ્તો ભારે વાહનો માટે પણ પ્રતિબંધિત રહેશે: ચિમનભાઇ બ્રીજનાં છેડે એ.ઇ.સી. સર્કલ થી કેશવનગર બ્રીજની નીચે ફાટક તરફ જઇ શકાશે નહિ. ચિમનભાઇ બ્રીજની નીચેથી ફાટક તરફથી એ.ઇ.સી. તરફ એક જ દિશામાં જઇ શકાશે.

**વૈકલ્પિક રુટ : એ.ઇ.સી. સર્કલ થી ચિમનભાઇ પટેલ બ્રીજ ઉપર થઇ સુભાષબ્રીજ સર્કલ થી ડાબી તરફ વળી રેલ્વે ફાટક તરફ જઇ શકાશે.**

(૨) સાબરમતી જનપથ હોટલ ટી થી રથી એપાર્ટમેન્ટ BRTS બસ સ્ટેન્ડ સુધીનો ડાબી બાજુ તરફનો ૯ – મીટર પહોળાઇનો સાયકલ ટ્રેક સાથેનો સર્વિસ રોડ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**વૈકલ્પિક રુટ : જનપથ હોટલ ટી થી રથી એપાર્ટમેન્ટ તરફ મુખ્ય રોડ ઉપરથી જઇ શકાશે.**

આ જાહેરનામું ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ સુધી કરવાનો રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/પોલીસ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૮ /૦૧/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા. ૮/૦૧/૨૦૧૮
અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

૨/– ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.